ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૭/૧૨/૨૦૧૯

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં જીએસટી ઉપર પેનલ ડિસ્કશન યોજાઇ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવારે, તા. ૭ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે જીએસટી ઉપર પેનલ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતાઓ તરીકે લક્ષ્મીકુમારણ એન્ડ શ્રીધરનના શ્રી કલ્પેશ શાહ અને શ્રી જિગર શાહે 'સર્ચ એન્ડ સીઝર', 'ઇનપુટ ટેક્ષ ક્રેડીટ', 'ઇવે બીલ', 'પ્લેસ ઓફ સપ્લાય', ઇનપુટ સર્વિસ ડિસ્ટ્રીબ્યુશન એન્ડ ક્રોસ ચાર્જ' અને 'ન્યુ રીટર્ન સિસ્ટમ' જેવા વિષયો ઉપર કાયદાકીય સમજ આપી એમના ઓપિનિયનને સપોર્ટ કરતા વિવિધ હાઇકોર્ટના ચૂકાદાઓની વિસ્તૃત ચર્ચા કરી હતી.

ચેમ્બરના રિપ્રેઝન્ટેશન સેલના હેડ એડવોકેટ શ્રી હેમંત દેસાઇએ સેમિનારમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્દબોધનમાં જણાવ્યુ હતુ કે, ડીબેટ અને ડીસ્કશનને સેમિનાર દ્વારા જીએસટી કાયદાનું શ્રવણ અને આચરણ કરવાનો ચેમ્બર દ્વારા પ્રયાસ કરવામાં આવી રહયો છે. આ અંગે ભવિષ્યમાં પણ વધુ સેમિનારો કરવામાં આવશે.

નિષ્ણાંત વકતા શ્રી કલ્પેશ શાહે સર્ચ અને સીઝરના જનરલ પાવર વિશે વિવિધ હાઇકોર્ટના ચૂકાદાનો સંદર્ભ ટાંકીને કાયદાની સાચી પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે, કરદાતાએ રૂપિયા ૫ કરોડથી વધારે ગુડ્ઝની ઇરેગ્યુલર ક્રેડીટ લીધી હશે તો ઓફિસર આવા કેસમાં તેની ધરપકડ કરી શકે છે. જો કે, ઓફિસરે કરદાતાની ધરપકડ બાદ સ્થળ પર જ જામીન ઉપર મુકત પણ કરવાનો હોય છે. આવા કેસોમાં સરકાર કરદાતાની ગુડ્ઝને સીઝ્ડ કરી લે છે. મોટાભાગે ઓફિસરો કરદાતાના રેકોર્ડ બુક, ફાયનાન્શીયલ રિપોર્ટ વિગેરે પણ કબજે કરી લેતા હોવાની બાબત ધ્યાનમાં આવતી હોય છે. આ અંગે હાઇકોર્ટના ચૂકાદાને ટાંકતા તેમણે જણાવ્યુ હતુ કે કરદાતાને રેકોર્ડ બુક અને ફાયનાન્શીયલ રિપોર્ટની કોપી મળી શકે છે. આ ઉપરાંત સીઝ્ડ કરાયેલી ગુડ્ઝને રીલીઝ કરવાની અરજી કરી શકાય છે. અલ્હાબાદ હાઇકોર્ટમાં આવા ઘણા કેસ અને રીટ

પીટીશન ફાઇલ થઇ છે. કેટલાક કેસોમાં કોર્ટે ગુડ્ઝને રીલીઝ કરવાના આદેશ પણ આપ્યા હતા. તદુપરાંત સુપ્રિમ કોર્ટના હાલના ચૂકાદાની વિસ્તૃતપણે માહિતી આપી હતી.

તેમણે ઇનપુટ ટેક્ષ ક્રેડીટ વિશે માહિતી આપતા જણાવ્યુ હતુ કે, વર્ષ ૨૦૧૭–૧૮ની ઇનપુટ ક્રેડીટ વિશે કાયદાને અનુલક્ષી એવી પ્રોવિઝન નથી કે આવી પ્રોસિજરને લાભ આપી શકે. તેઓએ ઇનપુટ ક્રેડીટ ગીફટ તરીકે આપવામાં આવતા મટીરિયલ પર મળે કે કેમ? તે બાબતે પણ વિસ્તૃત ચર્ચા કરી હતી.

નિષ્ણાંત વકતા શ્રી જિગર શાહે પ્લેસ ઓફ સપ્લાયની બાબત વિશે સમજણ આપતા જણાવ્યુ હતુ કે, સુરત ઓફિસ હોય અને સુરતમાંથી ગુડ્ઝને મહારાષ્ટ્રમાં સપ્લાય કરવામાં આવે તો આવા કેસમાં આઇજીએસટી ભરવાનો થાય છે. જયારે સુરતમાંથી ગુજરાતમાં કોઇ સ્થળે ગુડ્ઝને સપ્લાય કરવામાં આવે તો સીજીએસટી ભરવાનો થાય છે. વેપારીઓ દ્વારા ફ્રી સેમ્પલ આપવામાં આવે છે તો તેની આઇટીસી ક્રેડીટ મળી શકે કે કેમ? તે બાબતે પણ ચર્ચા કરી હતી. તેઓએ ફાર્માસ્યુટીકલ કંપનીના દાખલા આપી ફાર્મા કંપની તથા વિવિધ રાજયોમાં ઓફિસો ધરાવતી હોય એવી કંપનીને ઇનપુટ ક્રેડીટ કેવી રીતે મળે તે વિશે માહિતી આપી હતી. ક્રોસ ચાર્જ તથા ઇનપુટ સર્વિસ ડિસ્ટ્રીબ્યુશન વચ્ચેનો તફાવત અને ઇનપુટ સર્વિસ ડિસ્ટ્રીબ્યુટર તરીકે કઈ સર્વિસને આવરી લેવી તે બાબતની ખૂબ જ ઉંડાણપૂર્વક સમજણ આપી હતી.

આગામી એપ્રિલ ૨૦૨૦થી ન્યુ રીટર્ન સિસ્ટમ અમલી થવાની છે. આ સિસ્ટમ વિશે શ્રી કલ્પેશ શાહે સમજણ આપતા જણાવ્યુ હતુ કે, ગત વર્ષે રૂપિયા ૫ કરોડથી વધારે ટર્નઓવર ધરાવનાર કરદાતાને ફરજીયાતપણે મન્થલી ન્યુ રીટર્ન ફાઇલ કરવાનુ રહેશે. જયારે રૂપિયા ૫ કરોડથી ઓછા ટર્નઓવરવાળા કરદાતાને ત્રણ વિકલ્પ આપવામાં આવશે. જેમાં બી ટુ સી કરદાતાને સહજ તેમજ બી ટુ સીની સાથે બી ટુ બી કરનાર કરદાતાને સુગમ રીટર્ન ભરવાનુ રહેશે. આ બંને કવાર્ટલી બેઇઝ્ડ રીટર્ન ભરવાના રહેશે. જો કે, ઇ–કોમર્સ થકી ગુડ્ઝનુ વેચાણ કરનાર કરદાતા માટે સુગમ અને સહજ રીટર્ન અવેલેબલ નથી. તેઓને આરએટી– ૧ રીટર્ન ફાઇલ કરવાનું રહેશે.

આજની પેનલ ડિસ્કશનમાં દરેક વિષયો ઉપર પ્રશ્નો લેવામાં આવ્યા હતા. જેના બંને વકતાશ્રીઓએ ખૂબ જ સારી રીતે અને સંતોષકારક જવાબ આપ્યા હતા. લોકોએ આ પ્રકારની પેનલ ડિસ્કશન વધુ કરવામાં આવે તેવા સૂચનો કર્યા હતા. આજના કાર્યક્રમમાં ચેમ્બરની જીએસટી કમિટીના કો–ચેરમેન શ્રી રોહન દેસાઇએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરની જીએસટી કમિટીના એડવાઇઝર સીએ કિશોરચંદ્ર ઘીવાલાએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયુ હતુ.